ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૩.૮ ડીગ્રી
લઘુતમ : ૧૮.૮ ડીગ્રી
ભેજ
સવારે ૭૯ ટકા ● સાંજે ૫૫ ટકા

# શહેરમાં ઘરે ઘરે દિવાળીની સફાઈનો ધમધમાટ

## ગૃહિણીઓએ ઘરની સાફસફાઈ અને ઘર સજાવટના કાર્યો શરૂ કર્યા

ગાંધીનગર, તા.૨૨

દિવાળીના આગમનની તૈયારી થાય ઘરની સાફ સફાઈથી. ગૃહિણીઓ માટે નવરાત્રિ જાય એટલે ઘરની સફાઈ શરૂ થઈ જાય છે. ઘરે ઘરે ગૃહિણીઓના હાથમાં ઝાપટિયું કે સાવરણી દેખાય છે અને સુંદર ચહેરા પર મેકપને બદલે માળીયાની જામેલી ધૂળ ચોંટેલી દેખાય છે. શહેરમાં ગૃહિણીઓ સાથે સાથે તમામ વેપારીઓએ પણ દિવાળીની તૈયારીઓ શરૂ કરી દીધી છે.

શરદપૂનમ બાદ દિવાળી પર્વની તૈયારીઓ શરૂ થઈ જાય છે. ત્યારે શહેરની ગૃહિણીઓએ ઘરની સાફસફાઈ સહિતના દિવાળી કાર્યો હાથ ધર્યા છે. તથા બજારમાં વેપારીઓ દ્વારા દુકાનો, શોરૂમની સાફસફાઈ કરી સ્ટોક ભરવાનું તેમજ ગ્રાહકો માટે દિવાળી ઓફરની જાહેરાતો કરવાનું શરુ કરી દેવાયું છે. શહેરમાં વિવિધ સ્થળો પર દિવાળી પર્વ નિમિત્તે દિવાળી ઓકિઝબિશન યોજાઈ રહ્યા છે. ઉપરાંત અનેક ઘરોમાં કલરકામ સાથે નવા ફર્નિચરના કાર્યો હાથ ધરવામાં આવ્યા છે. દિવાળી એ ભારતીય સમાજમાં સૌથી મોટો તહેવાર ગણાય છે. ગયા બે વર્ષ દરમિયાન કોરોનાને કારણે દિવાળી પર્વ ઉજવવામાં આવ્યો નહોતો ત્યારે આ વર્ષે વેપારીઓ દ્વારા દિવાળીની સિઝન સુધરે તે માટે અત્યારથી જ તૈયારીઓ શરૂ કરવામાં આવી રહી છે. નવો સ્ટોક ગોઠવવાથી લઈને ગ્રાહકોને આકર્ષી શકાય તે માટે દિવાળી સેલ અને



નવી ઓફરો સાથે હોર્ડિંગ્સ પણ તૈયાર થઈ રહ્યા છે.

દિવાળી પર્વને હવે માત્ર ગણતરીના જ દિવસો બાકી છે ત્યારે શહેરીજનો પ્રી-દિવાળીની તૈયારીઓમાં વ્યસ્ત બની ગયા છે. ઘરની સજાવટ કરતા પહેલા ઘરની સાફ સફાઈ કરવામાં આવે છે. પ્રકાશ પર્વ તરીકે ઓળખાતો દિવાળીનો તહેવાર આ વર્ષે ઘરે ઘરે પ્રકાશ ફેલાવશે તેવી સૌની આશા છે. કોરોના મહામારીમાં ઘણા બધાએ પોતાના સ્વજનો અને કુળ દીપક ગુમાવ્યા છે જેનું દુઃખ હજી સુધી આ પરિવારોમાં જોવા મળી રહ્યું છે.

દિવાળીની સાફસફાઈમાં ગૃહિણીઓને ઘરમાં જાતભાતની ચીજવસ્તુઓ મળી આવતી હોય છે. જેમ કે ખોવાઈ ગયેલી ચીજવસ્તુઓ, સંતાડેલી વસ્તુઓ, બાળકો દ્વારા છૂપાવવામાં આવેલી વસ્તુઓ વગેરે આવા સમયે મળી આવતી હોય છે. ઘર સાફ સફાઈ માટે ન્યુ ગાંધીનગર વિસ્તારોમાં કામવાળા બહેનો દ્વારા ઘરની સાફ સફાઈમાં ગૃહિણીઓને મદદ કરવામાં આવી રહી છે. જેનો ચાર્જ તેઓ વધારે લેતા હોય છે. ઘરે ઘરે ગોદડાઓ અને કપડાંને તાપે કરવામાં આવી રહ્યા છે. ફલેટ અને સોસાયટીઓના ધાબે ગોદડાઓની લાઈનો કરવામાં આવી રહી છે. ઘરની સાફસફાઈ સાથે સાથે ગૃહિણીઓ દ્વારા અવનવી ચીજવસ્તુઓની ખરીદી પણ કરવામાં આવશે. જેમાં તોરણો, વોલ આર્ટ, દિવાલીનાદિવડા, લાઈટો, ફલાવર પોટ વિગેરેથી સુંદર સજાવટ કરવામાં આવશે. ગુજરાતીઓ પોતાના ઘરની સાફસફાઈ રેગ્યુલર રાખતા જ હોય છે. પરંતુ કાયમી બનતી પરંપરા મુજબ દિવાળી પર્વમાં ઘરની સાફસફાઈ કરવામાં ગૃહિણીઓ આ દિવસોમાં વ્યસ્ત જોવા મળી રહી છે.

## જ્યોતિ મહિલા મંડળ દ્વારા ગરબા સ્પર્ધા યોજાઈ





ગાંધીનગર, તા.૨૨

જયોતિ મહિલા મંડળ દ્વારા બેઠા ગરબા, ગરબા શણગાર, દાંડિયા શણગાર સ્પર્ધા યોજાઈ હતી. કાર્યક્રમમાં ૨૫૦થી વધુ બહેનોએ ભાગ લીધો હતો. આ પ્રસંગે વિવેક ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા જયોતિ મહિલા મંડળના સહયોગથી શેરી ગરબા સ્પર્ધાનું ઈનામ વિતરણ મીનલબેન ઓઝાએ કર્યું હતું. બેઠા ગરબા સ્પર્ધામાં મુખ્ય મહેમાન તરીકે ડૉ. તેજલ દલાલ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં પ્રથમ વિજેતામાં ગ્રુપ, દ્વિતીય વિજેતા ફોરમ ગ્રુપ, તૃતીય વિજેતા અરવિંદ કેન્દ્ર, ચતુર્થ વિજેતા કચ્છ કાઠિયાવાડ રાજપૂત સમાજ, પાંચમા વિજેતા રાધા ક્રિષ્ના ગ્રુપ રહ્યા હતા. ગરબા શણગારમાં પ્રથમ વિજેતા મીનાબેન શાહ, બીજા વિજેતા મંજુલાબેન ભલગામી, તૃતીય વિજેતા પૂજાબેન પેશવાની રહ્યા હતા. જયારે દાંડિયા શણગાર સ્પર્ધામાં પ્રથમ વિજેતા મિનાક્ષીબેન પારેખ, દ્વિતીય વિજેતા ભારતીબેન પોપટ રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં ડૉ.ચેતના બુચ-પ્રમખ દ્વારા સ્વાગત પ્રવચન કરવામાં આવ્યું હતું. ઉપપ્રમુખ નીરૂબેન નાયકનું વિશેષ સન્માન વિવેક ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા કરાયું હતું. ડૉ. તેજલ દલાલે પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું.

આ કાર્યક્રમમાં નિર્ણાયક તરીકે જયોત્સનાબેન બૂચ, આશાબા સરવૈયા, વીણાબેન વોરા, હેતલબા જાડેજાએ સેવા આપી હતી. શેરી ગરબામાં પ્રથમ અષ્ટ ગ્રુપ, દ્વિતીય કલ્ચલ સ્કવેર, ત્રીજા નંબરે પ્રતિબાબેન દવે, ચોથા નંબરે પોલીસ ચોકી સે-૭ વિજેતા રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા મીનાક્ષીબેન શાહ, કોકિલાબેન નાયક, હર્ષાબા ધાધલ, રમીલાબેન મિસ્ત્રી, જયોતિબેન ઠકકર, સાબેરાબેન દેસાઈ, તારાબેન પટેલ, પ્રવિણાબેન ગામીત, પ્રવિણાબેન સોની વગેરેનો સુંદર સહયોગ રહ્યો હતો.

## નેચર ફર્સ્ટ દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ



ગાંધીનગર, તા.૨૨

નેચર ફર્સ્ટ દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં સે-૮-ડીના ગાર્ડનમાં વૃક્ષો વાવીને તમામ સભ્યોએ આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. કાર્યક્રમમાં પૂર્વ કેબિનેટ મંત્રી રમણલાલ વોરા ઉપસ્થિત રહ્યા હતા. રમણલાલ વોરા તરફથી તમામ રોપાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. નેચર ફર્સ્ટના સભ્યો દ્વારા નેચર ફર્સ્ટ વિશે માર્ગદર્શન આપીને પર્યાવરણની જાળવણી અંગેની માહિતી આપવામાં આવી હતી. જરૂરિયાત ન હોય તેવી ચીજવસ્તુઓની ખરીદી ઓછી કરવા અંગે અપીલ કરી હતી. દિવસેને દિવસે કાર્બન ડાયોકસાઈડ વાયુના પ્રમાણમાં વધારો થઈ રહ્યો છે જે એક ગંભીર બબત આપણા સમાજ અને દેશ માટે બની રહી છે તેમ જણાવતા વૃક્ષારોપણ કરીને તમામ સભ્યોએ સંદેશો આપ્યો હતો.

## વિહાન અને લક્ષ્ય રોરને વાડોકાઈ કરાટેની પ્રોવીઝનલ બ્લેક બેલ્ટની પદવી એનાયત કરાઈ

ગાંધીનગર, તા.૨૨

વાડોકરાઈ કરાટે ડો ફેડરેશન ઓફ ઈન્ડિયાના ગાંધીનગરનાં પ્રશિક્ષક સેનસાઈ સુરજ ત્રિપાઠી દ્વારા પ્રશિક્ષિત વિહાન રોર અને લક્ષ્ય રોર વાડોકાઈ કરાટેની પ્રોવિઝનલ બ્લેક બેલ્ટની પરીક્ષા ઉત્તીર્ણ કરવામાં સફળ રહ્યા હતા.

ફેડરેશનનાં ચેરમેન અને ચીફ ટેકનિકલ ડાયરેકટર શિહાન અરવિંદભાઈ રાણાના વરદ હસ્તે આ બંને વિદ્યાર્થીઓને પદવી એનાયત કરવામાં આવી હતી. સે-૩ સ્થિત ફિઝીયો વૈદિક ખાતે યોજાયેલા એક પદવીદાન સમારોહમાં અન્ય વિદ્યાર્થીઓને પરપલ, ઓરેન્જ અને વ્હાઈટ-૧ બેલ્ટની પદવીઓ પણ એનાયત કરવામાં આવી હતી.

શિહાન અરવિંદભાઈ રાણાએ પદવી મેળવનાર વિદ્યાર્થીઓને કરાટેનો અભ્યાસ જયાં સુધી શરીરમાં શકિત છે ત્યાં સુધી નિયમિતરૂપે કરતા રહેવા પ્રેરણા આપી હતી. તેમણે કરાટેનું મહત્વ અને તેના લાભો વિષે પણ વિદ્યાર્થીઓને સમજ આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન કોચ સેનસાઈ સુરજ ત્રિપાઠી દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં પદવી મેળવનાર વિદ્યાર્થીઓના વાલીઓએ પણ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.



સમર્પણ સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ ખાતે નવા શૈક્ષણિક વર્ષની શરૂઆત થતા સાયન્સ અને કોમર્સ વિષયમાં બી.એસ.સી. તથા બી. કોમ. નો ઓરિએન્ટેશન પ્રોગ્રામ યોજવામાં આવ્યો હતો તેમાં વિદ્યાર્થીઓને કોલેજમાં ચાલતી વિવિધ એકેડેમિક અને શૈક્ષણિક પદ્ધતિઓથી માહિતગાર કરવામાં આવ્યા હતા. સાથે સાથે વિદ્યાર્થીઓને એનસીસી તથા એનએસએસનું માર્ગદર્શન પણ પુરું પાડ્યું હતું.

## સંત રોહિદાસજી મંદિર ખાતે મહર્ષિ વાલ્મિકી સ્વામીની જન્મ જયંતિ ઉજવાઈ

ગાંધીનગર, તા.૨૨

મહર્ષિ વાલ્મિકી સ્વામીની જન્મજયંતિ નિમિત્તે સંત રોહીદાસજી મંદિર સેકટર-૬માં પૂજા અર્ચનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મહિલા અને



બાળ વિકાસ વિભાગના રાજય કક્ષાના મંત્રી મનીષાબેન વકીલ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે પ્રસંગોપાત વકતવ્ય આપ્યું હતું. આ પ્રસંગે ભાજપ અ.જ. મોરચા પ્રદેશ પ્રમુખ પ્રદ્યુમન વાજા, મહામંત્રી વિક્રમ ચૌહાણ, પ્રદેશ મંત્રી નરેન્દ્ર પરમાર ઉપસ્થિત રહ્યા હતા. પૂર્વ વરિષ્ઠ માહિતી અધિકારી ભાનુભાઈ દવેએ સંત રોહિદાસજીની તસવીર આપી મનીષાબેનને સન્માનિત કર્યા હતા. દરમિયાન શહેર અ.જા. મોરચાના પ્રમુખ જાદવ, મંત્રી નયનભાઈ, કોર્પોરેટરો સહિત પદાધિકારીઓ અને સંત રોહિદાસ મંદિરના ટ્રસ્ટના પ્રમુખ ડી.આર.પરમાર પણ ઉપસ્થિત રહ્યા હતા.

## રાધે રાધે પરીવાર ગ્રુપ અને થનગનાટ સ્ટુડિયો દ્વારા શરદ પૂનમની ઉજવણી



ગાંધીનગરના રાધે રાધે પરીવાર ગ્રુપ અને અમદાવાદના થનગનાટ ,સ્ટુડિયો દ્વારા શરદ પૂનમની ઉજવણી કરવામાં આવી હતી. જેના ભાગરૂપે ગાંધીનગરના રાધે રાધે પરીવાર ગ્રુપ અને ધ થનગનાટ સ્ટુડિયોના ગરબા રસિકો વેદ ઈન્ટરનેશનલ સ્કુલ સે-૨૫નાં પ્રાંગણમાં ગરબે ઘુમ્યા હતા. ત્યારબાદ સાંજે ખીર બનાવી બાર વાગ્યે દૂધપૌંઆ ખાઈને શરદ પૂનમની ઉજવણી કરી હતી.

## સે-૨૨ રંગમંચ ખાતે શરદોત્સવ રાસ ગરબા યોજાયા





ગાંધીનગર, તા.૨૨

શરદ પૂર્ણિમાની ચાંદનીના સથવારે નગરદેવ પંચદેવ સમીપ રંગમંચ સેકટર-૨૨ ખાતે શરદોત્સવ રાસ ગરબા યોજાયા હતા. નૃત્યોત્સવના મુખ્ય સ્પોન્સર ત્રીફોન હેલ્થકેર રહ્યા હતા. જેમાં આપણું ફાઉન્ડેશન સંસ્થાનો સહકાર રહ્યો હતો. આ પ્રસંગે ગાંધીનગરના નામી અનામી ખેલૈયાઓ દ્વારા રાત્રે મેદાન શોભાયમાન બન્યું હતું. આ કાર્યક્રમમાં સંસ્કૃતિ ઈવેન્ટસના મહેલુ ભોજક, સૌરભ પાટીલ, મિતરાજસિંહ જાડેજા, ગુંજન પટેલ અને ધવલ તન્ના થકી આ કાર્યક્રમ સાર્થક બન્યો હતો.

## ગાયત્રી પરિવાર ટ્રસ્ટ દ્વારા મેગા આરોગ્ય વિષયક કેમ્પ

ગાંધીનગર, તા.૨૨

ગાયત્રી પરિવાર ટ્રસ્ટ દ્વારા મેગા આરોગ્ય વિષયક કેમ્પ યોજાનાર છે. અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર તેમજ કાવ્યરત્ન ગ્રુપ રાંદેસણના સંયુકત ઉપક્રમે રવિવારે આરોગ્ય વિષયક કેમ્પનું આયોજન કરેલ છે. જે શ્રીરંગ પ્લાઝા-૯૫ ગીફટ સીટી રોડ, રાંદેસણ ખાતે યોજાશે. આ કેમ્પમાં પેપ ટેસ્ટ, મેમોગ્રાફી, રકતદાન શિબિર, નેત્ર નિદાન કેમ્પ, મધુપ્રમેહ, દંત ચિકિત્સા કેમ્પ, ઘૂંટણ તથા થાપા અને હાડકાની ચકાસણી કરવામાં આવશે. રવિવારે સવારે ૮ થી ૧ કલાક સુધી આ કેમ્પ યોજાશે.

## સેકટર-૩-સી ખાતે સુંદરકાંડ પાઠનું આયોજન

ગાંધીનગર, તા.૨૨

કળયુગનાં ચિરંજીવી દેવ હનુમાનજી મહારાજને પ્રસન્ન કરતો રામ ચરિત માનસના પંચમ સોપાન 'સુંદરકાંડ પાઠ' આજે રાત્રે ૮.૩૦ કલાકે યોજાશે.જે સેકટર-૩-સી પ્લોટ નં. ૪૯૫/૨ ખાતે ભરતભાઈ પટેલ પરિવારનાં આંગણે ભારતીબાપુની વ્યાસ પીઠે પાઠ યોજાશે. જેથી સૌ ભકતજનોને સુંદરધામ પરિવાર તરફથી હાર્દિક આમંત્રણ આપવામાં આવ્યું છે.

## પ્રિટી વિમેન્સ કલબ દ્વારા પ્રદર્શન કમ સેલનું આયોજન

ગાંધીનગર, તા.૨૨

પ્રિટી વિમેન્સ કલબ તથા સર્વોદય ત્રિમૂર્તિ મહિલા ટ્રસ્ટના સહયોગથી દિવાળી નિમિત્તે પ્રદર્શન કમ સેલનું આયોજન આગામી તા. ૨૩ અને ૨૪ ઓકટોબરના રોજ કમ્યુનિટી હોલ, સે-૭ ખાતે કરવામાં આવ્યું છે.

સંપૂર્ણપણે મહિલાઓ દ્વારા સંચાલિત આ પ્રદર્શનમાં ગૃહ ઉદ્યોગની ચીજવસ્તુઓ, સૂકા નાસ્તા, ચોકલેટ, મીઠાઈઓ, ડિઝાઈનર કપડાં, લાલજીના વસ્ત્રો, બાળકોની ફોટોગ્રાફી, દિવાળી નિમિત્તે દીવડાઓ, લાઈટીંગ, હેરઓઈલ, સાબુ, શેમ્પુ અને અગરબત્તી, દવાઓનું પ્રદર્શન યોજાશે. આ પ્રદર્શનનો લાભ લેવા મહિલાઓને આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## જન્મદિને વધામણી



જીનલ આર પારેખ
મો. ૯૩૧૪૧ ૨૩૧૪૬



પ્રાંજલ ભટ્ટ
અભિનેત્રી



અંજલી એમ શર્મા
મો. ૯૭૩૭૪ ૫૫૯૬૩



ભાવનાબેન દિનેશભાઈ ચૌહાણ
મો. ૯૪૨૭૦ ૧૦૫૫૫



નિશ્ચલ પ્રજાપતિ
મો. ૯૮૨૪૦ ૬૧૨૯૯




યોગેન્દ્રસિંહ સુરેન્દ્રસિંહ ડાભી
મો. ૭૯૮૪૮ ૯૩૬૦૧



પ્રવિણ ઠક્કર
ફોટોગ્રાફર




હિર હેમંતકુમાર નાયી
મો. ૭૦૪૩૮ ૨૮૨૬૪



જીયા ચેતન સુખડિયા
મો.૯૯૦૯૧ ૫૮૫૫૫



ભાવેશ ચૌધરી
મો. ૯૧૦૬૫ ૪૮૮૨૮



પ્રિન્સ ધર્મેન્દ્ર શ્રીમાળી
મો.૯૫૫૮૫ ૫૨૬૬૮



દેવશ્રી મેહુલ વ્યાસ

## નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા ઈ-વેસ્ટ કલેક્શન અભિયાન

ગાંધીનગર, તા.૨૨

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, પ્રેરિત નિસર્ગ કોમ્યુનીટી સાયન્સ સેન્ટર,ગાંધીનગર ધ્વારા ઈ-વેસ્ટ કલેકશન અભિયાનનું આયોજન કરવામાં આવેલ છે.

ઈ-વેસ્ટના નિકાલ માટે અધિકૃત રીસાયકલર ઈ-કોલી વેસ્ટ મેનેજમેન્ટ, અમદાવાદના સહયોગથી આગામી તારીખ ૨૪ થી ૩૧



ઓકટોબરના રોજ સવારે ૧૦ થી સાંજના ૫ વાગ્યા સુધી નિસર્ગ કોમ્યુનીટી સાયન્સ સેન્ટર, બ્લોક નંબર-૬૧/૧,ઘ-ટાઈપ, સેકટર-૨૩, લગ્નવાડીની બાજુમાં, ગાંધીનગર ખાતે ઈ-વેસ્ટ સ્વીકારવામાં આવશે. આથી તમામ નાગરિકો, કેન્દ્ર / રાજ્ય સરકારના વિભાગો, કાર્યાલયો અને કચેરીઓ, સરકારી જાહેર સાહસો, બેંક, શૈક્ષણિક સંસ્થાઓ, મલ્ટીનેશનલ સંસ્થાઓ, ફેકટરીઝ અને કંપની, પેઢીઓ, જાહેર અથવા ખાનગી કંપનીઓ તેમજ હેલ્થકેર ફેસિલિટીઝ, દુકાનદારો,ઉદ્યોગો, કારખાના વગેરે સહીત તમામ હિત ધારકોને તેઓનો ઈ-વેસ્ટ નો નિકાલ કરવાની આ તકનો લાભ લેવા જણાવવામાં આવે છે. જે બદલ કાયદાના અનુપાલન માટે નિયત પહોંચ પણ આપવામાં આવશે. વધુ વિગત માટે સંપર્ક હાર્દિક મકવાણા-૯૪૨૬૪૫૧૧૦૨, શિવાંગ પટેલ-૯૦૯૯૩૮૨૯૩૬નો સંપર્ક કરવા જણાવાયું છે.

## ચિરવિદાય

**● મુકિતધામ ●**

- **સ્વ. ભરવાડ જેહાભાઈ હઠાભાઈ,** ઉ.વ. ૫૧, વા.ચૌધરી, દહેગામ
- **સ્વ. પંડયા નવિનચંદ્ર ઈચ્છાશંકર,** ઉ.વ. ૮૫, ત્રિમંદિર, અડાલજ
- **સ્વ. ચાવડા શોભાબા કેહુજી,** ઉ.વ. ૮૦, આજોલ, માણસા
- **સ્વ. ઠાકોર કુસ્કીબેન રામસંગજી,** ઉ.વ. ૭૨, માણેકપુર, માણસા
- **સ્વ. પારઘી જગલસિંહ દેવસીંગ,** ઉ.વ. ૬૦, સે-૩, છાપરાં